## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો પક્ષના પ્રચારકો ચૂંટણી પ્રચાર કરે જ છે, ત્યાં સુધી આપણે ચૂંટણીમાં આપણે કેમ હાર્યા એના મુદ્દાઓની ચર્ચા કરી લઈએ...

# શહેરમાં ચિકનગુનિયાના કેસ સામે આવતા તંત્ર ચિંતિત

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વરસાદી વાતાવરણ છે. જેને પગલે શહેરમાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બની રહ્યો છે. શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરીયાના કેસ નોંધનીય સંખ્યામાં સામે આવી રહ્યા છે. જયારે શહેરમાં ચિકનગુનિયા, કમળો અને ટાઈફોઈડના દર્દીઓ પણ સામે આવતા તંત્ર ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં છેલ્લા અઠવાડીયાના આંકડા પર નજર કરીએ તો ડેન્ગ્યુ-૩૨, મેલેરીયા-૩૧, ચિકનગુનિયા-૯, કમળો-૨ અને ટાઈફોઈડનો એક કેસ નોંધાયો છે. તો બીજીતરફ રોગચાળાને અટકાવવા માટે આરોગ્ય તંત્ર સતત કામગીરી કરી રહ્યું છે.

શહેર અને ન્યું ગાંધીનગરમાં ૠતુજન્ય રોગચાળો વકર્યો હોય તેમ લાગી રહ્યું છે. દરેક ઘરમાંથી એક વ્યકિત બિમાર હોય છે. ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. વાઈરલ બિમારીની સાથે સાથે ડેન્ગ્યુ અને મેલેરીયાના કેસ પણ સતત વધી રહ્યા છે. સિવિલની મેડીસીન ઓપીડી સવાર સાંજ દર્દીઓથી ઉભરાય છે. રોજના ૪૦૦ થી વધુ દર્દીઓ તાવ અને શરદી ખાંસી સહિતના આવે છે. હાલ ખાનગી દવાખાનામાં પણ રાત્રીના સમયે લાંબીલાઈનો જોવા મળે છે. રોગચાળો વધુ વકરતા લેબોરેટરીમાં પણ સેમ્પલનો ભરાવો થતા રીપોર્ટ પણ લેઈટ મળે છે. શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરીયાના કેસ સરખા ભાગે જોવા મળી રહ્યા છે તો તેની સાથે હવે ચિકનગુનિયાના કેસ પણ સારી એવી સંખ્યામાં સામે આવી રહ્યા છે. ખાનગી હોસ્પિટલ પણ દર્દીઓથી ભરાઈ ગઈ છે. ગાંધીનગર હોસ્પિટલના મેડીસીન વોર્ડમાં પણ દર્દીઓ વધુ છે. ત્યારે શહેરમાં રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર સતત કામગીરી કરી રહ્યું છે. જેમાં શહેરમાં ઈન્ડોર અને આઉટડોર ફોંગીગ સહિતની કામગીરી પુરજોશમાં ચાલુ છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી વરસાદી વાતાવરણને પગલે મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બન્યો છે. ત્યારે ડેન્ગ્યુ અને મેલેરીયાની સાથે હવે ચિકનગુનિયાના પણ નોંધપાત્ર કેસ સામે આવી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં ૧-૧૨-૨૦ની સ્થિતિ સુધીમાં ઈ ફોડના ૩૪ જેટલા કિસ્સા બહાર આવ્યા છે.
- ગુજરાત વિધાનસભાની વિવિધ સમિતિઓમાં ખાલી પડેલી બેઠકોની ચૂંટણી યોજવા અંગે આજે અધ્યક્ષ નીમાબેન આચાર્ય દ્વારા જાહેરાત કરાશે.
- આમ આદમી પાર્ટીના આદરજના આગેવાન મહેન્દ્રસિંહ ચાવડાએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં ગીર ફાઉન્ડેશન દ્વારા ૨૦૨૦-૨૧માં કરાયેલ સર્વેક્ષણ દરમ્યાન ૩૦૧૦ રોઝડાઓ હોવાનું જણાયુ છે. જયારે રાજયમાં ૨,૫૧,૩૮૪ની વસ્તી આ રોઝડાઓની હોવાનું તારણ છે.
- ગાંધીનગર જિલ્લામાં બાળકીઓ પર રેપ કરનારા ૧૫ જેટલા આરોપી પકડવાના બાકી હોવાનું વિધાનસભા ગૃહની પ્રશ્નોત્તરીમાં જણાવાયુ છે.
- જિલ્લાતંત્ર ચૂંટણીની ફરજોમાં રોકાયેલા કર્મયોગીઓને તાલિમ આપવામાં વ્યસ્ત બન્યુ છે. ૨૯મી સુધી આ તાલિમો ચાલશે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસો વધી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ટી.બી. નાબુદી અભિયાન અંતર્ગત આજે ગોયેન્કા નર્સિંગ કોલેજની ૧૨૦ વિદ્યાર્થીઓને અભિયાનની વિગતો આપવામાં આવી હતી.

# અગોરા મોલના માલિક સામે નારા લગાવનાર શખ્સો વિરુદ્ધ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક સુઘડ પાસે આવેલા બાલાજી અગોરા મોલના માલિક સાથે છેલ્લા સાત વર્ષથી ચાલી રહેલો રૂપીયાનો ડખો વકર્યો છે. અગોરા મોલ નજીક ગતરોજ માણસોનું ટોળુ ભેગુ થયુ હતુ અને આશિષ હાય હાય ના નારા લગાવ્યા હતા. તો બીજીતરફ નારા લગાવનાર તેજસ પટેલે અડાલજ પોલીસ મથકે પણ હોહા કરી અડાલજ પીઆઈ સહિત સ્ટાફના જવાનો સાથે ગેરવતર્ણુક કરી હતી. જેને પગલે પોલીસે પણ હુમલાખોર તેજસ પટેલને તાત્કાલીક શાંત પાડી દઈને તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અગોરા મોલ ખાતે સિક્યુરીટી તરીકે ફરજ બજાવતા પ્રવિણ રાઠોડ ગતરોજ ફરજ પર હાજર હતા. તે સમયે પોણા ચાર વાગ્યાના અરસામાં મોલના કંટ્રોલરૂમના સીસીટીવી કેમેરા જોતા માલુમ પડ્યુ હતું કે મોલની બહાર આશરે ૨૦થી વધુ વ્યકિતનુ ટોળુ એકત્ર થઈને વિરોધ કરી રહ્યા હતા. જેથી પ્રવિણભાઈ તાત્કાલીક અન્ય સિક્યુરીટી સ્ટાફના કર્મચારીઓ સાથે નીચે ગયા હતા. તે સમયે સાબરમતિ ડી કેબીન ખાતે રહેતા તેજસ શંકરભાઈ પટેલ, ધનંજય પટેલ, નિતિન પટેલ, અને જેતારામ સહિતના વ્યકતિઓ અગોરા મોલના માલિક સામે હાય હાય ના નારા લગાવી રહ્યા હતા. સિક્યુરીટીએ પોલીસ બોલાવવાનું કહેતા એક પછી એક વ્યકિતઓ રફુચકકર થઈ ગયા હતા. ત્યારે ઉપરોકત ચાર શખ્સોએ તારા શેઠ પાસે રૂ.૫૦ કરોડ લેવાના છે. તુ વચ્ચે પડતો નહી, નહીતર તારા અને તારા શેઠને પુરો કરી નાંખીશુ, જેથી પ્રવિણે પોલીસ બોલાવવાની વાત કરતા તેજ પટેલ કારમાં બેસી ગયા હતા અને કારનું ટાયર પ્રવિણના પગના પંજા પરથી પસાર કરી દીધુ હતું. તે સમયે અન્ય વ્યકિતઓ પણ વિવિધ ગાડીમાં નાસી છુટ્યા હતા. બાલાજી અંગોરા મોલ અંગે મોલના માલિક આશિષ શાહના પત્નીની હાઈકોર્ટમાં મેટર ચાલી રહી છે. અગાઉ તેજસ પટેલે ચાંદખેડા અને સાબરમતિ ખાતે પોલીસ ફરીયાદ કરીને રૂ.૫૦ કરોડની માંગ કરી છે. જયારે બનાવ અંગે અડાલજ પોલીસે પ્રવિણની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

જયારે ગતરોજ સાંજના સમયે તેજસ પટેલ સામેથી અડાલજ પોલીસ મથકે ગયો હતો અને હોબાળો મચાવ્યો હતો. પોલીસ સાથે તેજસ પટેલે ઝપાઝપી કરી ને તેમજ વિવિધ આક્ષેપ કરીને ભાગવા જતો હતો. તે સમયે પોલીસે તેને પકડી પાડ્યો હતો. પોલીસે તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



વોર્ડ નં. ૮ માં પ્રચારનો ધમધમાટ જોવા મળ્યો હતો. કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોએ વોર્ડના મહત્વના સ્થળોએ જઈ પ્રચાર કર્યો હતો. આ ઉપરાંત ડોર ટુ ડોર પ્રચાર કરી મતદારોને રીઝવવાનો પ્રયાસ કર્યો હતો.

# સરગાસણ પાસે ક્રેઈન નીચે આવી જતા વૃધ્ધનું કમકમાટી ભર્યુ મૃત્યુ

### ક્રેઈનચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારી હતી, બે મિત્રો રોડ પર નીચે પડતા એક મિત્ર પર ક્રેઈન ફરી વળી, બે મિત્રો સારવાર અર્થે ગાંધીનગર સિવિલ જતા હતા

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ ચાંદખેડાથી સવારે બે મિત્રો એકટીવા પર ગાંધીનગર સિવિલ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સરગાસણ પાસે સ્વાગત ફલેમીંગો સામે માર્ગ પર ક્રેઈન ચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારી હતી. જેને પગલે એકટીવા પર સવાર બે મિત્રો નીચે પટકાયા હતા. તે પૈકી એક મિત્ર પર ક્રેઈનનું ટાયર ફરી વળતા એક મિત્રનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું. જયારે અકસ્માત બાદ ક્રેઈન ચાલક સ્થળ પર જ ક્રેઈન મુકી નાસી ગયો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે હર્ષદભાઈ વાણીયાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ચાંદખેડા કુમકુમ રેસીડેન્સી મકાન નં.એચ-૨ ખાતે રહેતા ૬૧ વર્ષિય હર્ષદકુમાર કાંતિલાલ વાણીયા નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. ત્યારે આજે સવારે ૯ વાગ્યાના અરસામાં હર્ષદભાઈ પોતાના મિત્ર ચાંદખેડા પાશ્વ રેસીડેન્સી બી.૪૦૩ ખાતે રહેતા ભીખાભાઈ કચરાભાઈ ચૌહાણ ચામડીના રોગ થી પિડાતા હોવાથી ગાંધીનગર સિવિલમાં દવા લેવાની હતી. જેથી સવારે હર્ષદકુમાર વાણીયા તેમની સાળીનું એકટીવા લઈને ભીખાભાઈ સાથે ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. તે સમયે તારાપુરથી સરગાસણ તરફ સ્વાગાત ફેલમીંગોની સામે માર્ગ પર એકટીવા નં. જી.જે.૦૧.યુ.ઈ.-૦૮૪૯ ને ક્રેઈન નં. જી.જે.૦૧.આર.ક્યુ.-૧૦૪૯ના ચાલકે ગફલતભરી રીતે હંકારી પાછળથી ટક્કર મારી હતી. જેથી એકટીવા પર સવારે બંન્ને મિત્રો નીચે માર્ગ પર પટકાયા હતા. તે સમયે ભીખાભાઈ પરથી ક્રેઈન ફરી વળતા ગંભીર ઈજા પહોંચતા કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતું. જયારે હર્ષદભાઈને શરીરે સામાન્ય ઈજા થઈ હતી. અકસ્માત સર્જીને ક્રેઈન ચાલક તે સ્થળ પર મુકીને ભાગી ગયો હતો. જયારે સ્થળ પર ૧૦૮ એમ્બ્યુલન્સ આવી પહોંચતા ડોકટરે તપાસ કરીને ભીખાભાઈને મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે હર્ષદભાઈની ફરીયાદ લઈ સેકટર-૭ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ

વર્ષ ૧૯૨૫ થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ અને ગુજરાત વિધાનસભા ભવનનું નામ જેમના નામ ઉપરથી અપાયું છે એવા વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલની ૧૪૯મી જન્મજયંતિ નિમિતે ગુજરાત વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ દુષ્યત પટેલ, વિધાનસભાના મુખ્ય દંડક પંકજ દેસાઈ, મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ભુજના ધારાસભ્ય નિમાબેન આચાર્ય, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી તેમની પ્રતિમા સમક્ષ અને ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ/કર્મચારીઓએ ઉપસ્થિત રહીને તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરી તેમના જીવનના આઝાદીકાળ સમયના પ્રેરણાદાયી સંસ્મરણો યાદ કર્યા હતા.




## વરસતા વરસાદ વચ્ચે પણ વોર્ડ નં.૭માં ભાજપનું પ્રચાર અભિયાન

ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણી પ્રચાર જંગ ચરમસીમાએ પહોંચી રહ્યો છે ત્યારે બીજી તરફ વાતાવરણમાં વારંવાર વરસાદનું આગમન ઉમેદવારોને પ્રચાર કરવામાં નડતરરૂપ બની રહ્યું છે. જોકે મહાનગરપાલિકાના વોર્ડ નં.૭ માં ભાજપના ઉમેદવારો દ્વારા આ મુશ્કેલીનો હલ પણ સારી રીતે કાઢવામાં આવ્યો છે જે અનુસાર તેઓ ભાજપના કમળના નિશાન વાળી મોટી છત્રીઓ સાથે વાવોલ કોલવડા વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યાં છે આ પ્રચારકાર્યમાં ભાજપના ચારેય ઉમેદવારો પ્રેમલસિંહ ગોલ, કિંજલબેન ઠાકોર, સોનલબા વાઘેલા તથા શૈલેષ પટેલને મતદારોનો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા પ્રચાર ઝુંબેશને વેગવાન બનાવવામાં આવી છે. વોર્ડ નં.૮માં આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ડોર ટુ ડોર પ્રચારનું કાર્ય જોશભેર કર્યું હતું.

## માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૭

માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીમાં આનંદનો ગરબો તા. ૨૮ને મંગળવારે ૨થી ૫ કલાકે યોજાશે. જેમાં મધુબેન કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો શકિતચોક ખાતે રાખેલ છે. સર્વે ભાવિભકતોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ ભીખીબેન ઈશ્વરભાઈ ચૌધરીએ પાઠવેલ છે.

# દહેગામના બારીયા ગામના પિતા-પુત્રએ કેનાલમાં મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બારીયા ગામે રહેતા પિતા-પુત્રએ કોઈ અગમ્ય કારણોસર ઘરેથી નીકળી રાયપુર નર્મદા કેનાલમાં કુદીને આપઘાત કર્યો હતો. પિતા-પુત્રના મૃતદેહ સાયફન પાસેથી મળી આવતા ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દહેગામના બારીયા ગામના ૬૫ વર્ષિય લક્ષ્મણજી અમરાજી ઠાકોરને ત્રણ સંતાનો છે. તેમનો ૩૫ વર્ષિય દિકરો મુકેશ અપરણિત છે. મુકેશને શાકભાજીનો વેપાર હતો પરંતુ તે બરોબર ચાલતો ન હતો. ગતરોજ લક્ષ્મણજી તેમના દિકરા સાથે કોઈ કારણોસર ઘરેથી નીકળી ગયા હતા અને રાયપુર નર્મદા કેનાલ ખાતે પહોંચીને બંન્નેએ કુદકો મારી દીધો હતો. બનાવ અંગે જાણ થતા ડભોડા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

જો કે પરિવારના સભ્યોને પણ જાણ કરતા કેનાલ ખાતે દોડી આવ્યા હતા. જયારે ગતરોજ શોધખોળ કરી હતી પરંતુ પિતા-પુત્રનો પત્તો લાગ્યો ન હતો. જયારે સોમવારના રોજ સાયફન પાસેથી લક્ષ્મણજી અને મુકેશનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે બંન્ને મૃતદેહ પીએમ અર્થે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધી આપઘાતનુ ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરુ કરી હતી.

# સંજય થોરાતની લઘુકથા 'પ્યાલા-બરણી'ને વાર્તા સ્પર્ધામાં દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું

ગુજરાતી લીટરેચર ફેસ્ટિવલ-૨૦૨૧ ઈ બુક




'પ્રતિબીંબ'નું વિમોચન અને લોકાપર્ણ ૨૫ સપ્ટેમ્બર ઓનલાઈન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિવાસ્વપ્ન પ્રતિયોગિતાના વિજેતા ઘોષિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર ગુજરાતમાંથી આ સ્પર્ધામાં ૧૦૩ પદ્ય રચના જયારે ૨૯ ગદ્ય રચનાઓ આવી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે રાજુલ બેન કૌશિક (જીછ) અને સંગીતાબેન ચૌહાણે સેવાઓ આપી હતી. ગુજરાતી લીટરેચર ફેસ્ટિવલ-૨૦૨૧ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડો. વિષ્ણુભાઈ પંડયા સાહેબ હાજર રહ્યા હતા. આ સ્પર્ધામાં ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતની લઘુકથા 'પ્યાલા-બરણી' ને દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું છે.

ગાંધીનગર સાહિત્ય સભાના સલાહકાર કિશોર જિકાદરા, ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ અને મહામંત્રી રમેશ ઠકકર સહિત સૌએ ગૌરવની લાગણી અનુભવી સંજય થોરાતને અનેક શુભકામનાઓ પાઠવી છે.



ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે આજે કરવામાં આવેલા ગેરકાયદે દબાણોને ગ્રામ પંચાયત દ્વારા દૂર કરવામાં આવ્યા છે. લીમડીવાળા વાસમાં ૫૦૦ ફૂટ એરિયામાં થયેલા દબાણો આજે દૂર કરવામાં આવ્યા છે. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રખાશે તેમ ગ્રામ પંચાયતના આગેવાનોએ સ્પષ્ટ જણાવ્યુ છે.

**ગુજરાત સરકાર**
**મહેસુલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૧૮/૦૯/૨૦૨૧**
**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકારઅધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો) જીલ્લો : મહેસાણા**

ક્રમાંક::- અમ-૨૦૨૧-૪૪૬-મ-જમક-૧૭૨૦-૧૯૮૨-ઘ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબીવળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની "ધરોઈ એકસટેન્ડેડ કમાન્ડની વિજાપુર પ્રશાખાની સાંકળ ૦ થી ૩૬૦ મી. અને ૧૦૦૦ થી ૨૦૦૦ મી વચ્ચે" ના પ્રોજેકટના જાહેર હેતું માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકારઅધિનિયમ-૨૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યકેતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય ધ્વારા અથવા સદરહું જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમનીકલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહી.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુકત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહું અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યુ હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

તારીખ ૧૨ ઓગષ્ટ ૨૦૧૬ ના રાજય સરકારના મહેસુલ વિભાગના સરકારી જાહેનામાં ક્રમાંક એકસ્ટ્રા ઓ્ડનરી ગેઝેટ ભાગ-૪, ગુજરાત એકટ ન.૨૦૧૬ નો ૧૨મો, સાથે વાંચતા જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકારઅધિયિમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) ની કલમ-૩જી હેઠળ ગુજરાત સરકાર સદરહુ જમીનોના સબંધમાં સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટેનાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને વિજાપુર તાલુકો માટે જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

જમીનના પ્લાનનુ નિરીક્ષણ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચે રી હિંમતનગરની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમય દરમ્યાન કરી શકાશે.

સંપાદન બાબતે હિત ધરાવતી વ્યકિતને જો કોઈ વાંધાઓ હોય તો આ જાહેનામુ પ્રસિધ્ધ થયા તારીખની ૬૦ (સાઠ) દિવસમાં કલમ-૧૫ ની જોગવાઈઓ મુજબ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચે રી હિંમતનગરને રજુ કરવાના રહેશે.

**અનુસૂચિ** **જીલ્લા : મહેસાણા** **તા : વિજાપુર** **ગામ : લાડોલ**

| અ.ન | સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે .ચો.મી) |
|---|---|---|
| ૧ | ૧૪૩૪ | ૦-૦૦-૮૨ |
| ૨ | ૧૪૩૧ | ૦-૨૧-૪૦ |
| ૩ | ૧૪૩૨ | ૦-૦૮-૯૬ |
| ૪ | ૧૪૩૩ | ૦-૦૫-૬૪ |
| ૫ | ૧૪૩૬ | ૦-૦૪-૨૩ |
| ૬ | ૧૪૩૭ | ૦-૦૫-૬૨ |
| ૭ | ૧૪૩૮ | ૦-૦૮-૧૧ |
| ૮ | ૧૪૪૫ | ૦-૧૩-૧૯ |
| ૯ | ૧૪૪૪ | ૦-૧૭-૪૧ |
| ૧૦ | ૧૪૪૧ | ૦-૦૧-૫૩ |
| ૧૧ | ૧૪૪૨ | ૦-૦૩-૪૪ |
| ૧૨ | ૧૪૬૭ | ૦-૦૯-૪૧ |
| ૧૩ | ૧૪૬૮ | ૦-૧૧-૧૫ |
| ૧૪ | ૧૪૬૬ | ૦-૧૦-૬૮ |
| ૧૫ | ૧૪૬૯ | ૦-૧૨-૭૪ |
| ૧૬ | ૧૫૧૩ | ૦-૦૨-૧૦ |
| ૧૭ | ૧૫૦૮ | ૦-૨૭-૬૦ |
| ૧૮ | ૧૫૦૯ | ૦-૨૮-૩૫ |
| ૧૯ | ૧૫૧૦ | ૦-૦૪-૦૭ |
| ૨૦ | ૧૪૮૫ | ૦-૦૦-૮૦ |
| ૨૧ | ૧૫૦૪ | ૦-૧૩-૩૪ |
| ૨૨ | ૧૪૮૬ | ૦-૧૬-૧૫ |
| ૨૩ | ૧૫૦૩ | ૦-૧૪-૧૪ |
| ૨૪ | ૧૪૮૭ | ૦-૧૬-૩૭ |
| ૨૫ | ૧૪૮૮ | ૦-૨૪-૦૦ |
| ૨૬ | ૧૪૯૦ | ૦-૨૧-૧૩ |
| ૨૭ | ૧૪૮૯ | ૦-૧૨-૭૪ |
| ૨૮ | ૧૪૯૧ | ૦-૧૬-૦૬ |
| ૨૯ | ૧૪૯૨ | ૦-૦૦-૩૮ |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે સહી

**(એચ.જે.રાઠોડ)**

**નામાનિ/હિંમત/૩૪૨/૨૦૨૧** **સરકારના ઉપસચિવ**